પૂર્વ પ્રાથમિક શિક્ષણ (બાલ અધ્યાપન મંદિર) પ્રિ-પી.ટી.સી. પ્રવેશ નિયમોમાં સુધારા કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ ટીસીએમ/૧૪૧૭/સિંગલ ફાઇલ-૪૧/ન
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૦/૧/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીની તા.૫/૧/૨૦૧૭ ની સીંગલ ફાઇલ ક્રમાંકઃ ૫૩
(૨) ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓ વિનિયમો-૧૯૮૪
(3) શિક્ષણ વિભાગના તા.૯/૬/૧૯૯૮ ની જાહેરનામા ક્રમાંકઃ GH/SH/9/TCM-1498/906/98/N
(4) N.C.T.E. ના NOTIFICATION NO. F.51/1/2009/NCTE (N&S) Dt.31/8/2009.
(૫) ભારત સરકારના તા.૨૮/૧૨/૨૦૧૬ ના THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT, 2016.
(૬) N.C.T.E. ના NOTIFICATION NO. F.51-1/2014-NCTE (N&S) Dt.28/11/2014.
(૭) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તા.3૦/૧૨/૨૦૧૭ ના પત્રક્રમાંકઃ પ્રાશિનિ/જ/પીટીસી/૨૦૧૭/૫૭૫૪.
(૮) સરખા ક્રમાંકનો તા.૫/૭/૨૦૧૭ નો ઠરાવ.

સુધારા ઠરાવ;-

શિક્ષણ વિભાગના તા.૫/૭/૨૦૧૭ નો સરખા ક્રમાંકના ઠરાવથી પૂર્વ પ્રાથમિક શિક્ષણ (બાલ અધ્યાપન મંદિર) પ્રિ-પી.ટી.સી.(D.E.C.Ed.) પ્રવેશ નિયમોમાં સુધારા કરવામાં આવેલ હતા. તે ધ્યાને લઇ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરીના તા.3૦/૧૨/૨૦૧૭ના પત્રથી સદર ઠરાવમાં સુધારા કરવા અંગેની કરેલ દરખાસ્ત અન્વયે નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) શિક્ષણ વિભાગના તા.૫/૭/૨૦૧૭ ના ઠરાવથી એન.સી.ટી.ઇ. ના રેગ્યુલેશન ૨૦૦૯ના એપેન્ડીક્ષ-૧ મુજબ પૂર્વ પ્રાથમિક શિક્ષણ(પ્રિ-પી.ટી.સી.) અભ્યાસક્રમનું નામ "Diploma in early childhood education" કરવામાં આવેલ હતુ. તેના બદલે વંચાણે લીધેલ સંદર્ભ-(૬) ધ્યાને લઇ એન.સીટી.ઇ. એક્ટ-૨૦૧૪ના એપેન્ડીક્ષ-૧ મુજબ "Diploma in early childhood education" (D.E.C.Ed) અભ્યાસક્રમને Diploma in pri school education(DPSE) વાંચવાનુ રહેશે.

૨/ શિક્ષણ વિભાગના તા.૫/૭/૨૦૧૭ ના ઠરાવથી મુદ્દા નં.૧૫ માં "એન.સી.ટી.ઇ.ના ધારા ધોરણોનુસાર શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંક કરવાની રહેશે. કામના દિવસો ૨૦૦ માં ૪૦ દિવસ પ્રેક્ટીકલના રાખવાના રહેશે અને અભ્યાસક્રમ પુરા બે વર્ષનો રાખવાનો રહેશે." તેના બદલે એન.સી.ટી.ઇ. એક્ટ-૨૦૧૪ના એપેન્ડીક્ષ-૧ માં Diploma in pri school education(DPSE) ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડના મુદ્દા નં.૪ મુજબ અનુસરવાનુ રહેશે.

૩/ ઉક્ત મુદ્દા સિવાય સદર ઠરાવ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), બ્લોક-૫/૮, નવાં સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય. ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ). (કમિશ્નરશ્રી, શાળાઓ મારફત).
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત).
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ.શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જી.સ્વાન પર મુકવા સારૂ.
- સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.